Sunday
05.07.2026
*Volume :11 * Issue No.01
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

# કમલમ્

KAMALAM

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

વંદે માતરમ્

Daily

RNI No.:GUJGUJ/2016/73451

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-


# કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ અને કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણે 'અલ નીનો' ના કારણે દેશના કેટલાક ભાગોમાં સામાન્ય કરતાં ઓછા વરસાદની સ્થિતિ અને તેની અસરોની સમીક્ષા કરી

## સરકાર અલ નીનોના કારણે દેશભરમાં ચોમાસાના વરસાદની સ્થિતિ અને કેટલાક વિસ્તારોમાં સંભવિત દુષ્કાળની સ્થિતિ પર સતત નજર રાખી રહી છે



કમલમ્,

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ અને કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે 'અલ નીનો' ના કારણે દેશના કેટલાક ભાગોમાં સામાન્ય કરતાં ઓછા વરસાદની સ્થિતિ અને તેની અસરોની સમીક્ષા કરી હતી. આ બેઠકમાં કેન્દ્રીય ગૃહ સચિવ અને કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ સચિવ સહિત વિવિધ મંત્રાલયો અને વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે સરકાર અલ નીનોના કારણે દેશના કેટલાક ભાગોમાં સામાન્ય કરતાં ઓછા વરસાદની સ્થિતિ અને સંભવિત દુષ્કાળની સ્થિતિ પર સતત નજર રાખી રહી છે. તેમણે કૃષિ મંત્રાલય અને તમામ સંબંધિત મંત્રાલયોને સતર્ક રહેવા અને ખેડૂતોને કયા યોગ્ય પાકોની વાવણી કરવી તે અંગે સલાહ આપવા માટે રાજ્ય સરકારો સાથે સંકલન સાધવાનો નિર્દેશ આપ્યો હતો. શ્રી શાહે જળ સંસાધન વિભાગના અધિકારીઓને દેશભરના તમામ જળાશયો પર નજર રાખવાની સૂચના આપી હતી. તેમણે ઘાસચારો, બરછટ અનાજ (મિલેટ્સ) અને કઠોળ જેવા વૈકલ્પિક પાકો પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો જેને ઓછા પાણીની જરૂર પડે છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કેન્દ્રીય ઊર્જા મંત્રાલયના સચિવને વીજળીનો સરળ અને પૂરતો પુરવઠો સુનિશ્ચિત કરવા માટે જરૂરી પગલાં લેવાનો નિર્દેશ પણ આપ્યો હતો. બેઠક દરમિયાન, ગૃહ મંત્રીને એ વાતથી પણ માહિતગાર કરવામાં આવ્યા હતા કે દેશમાં ચોખા અને ઘઉં સહિત આવશ્યક અન્નનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને આવશ્યક ચીજવસ્તુઓના ભાવ સ્થિર છે. આ બેઠકમાં કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ, જળ સંસાધન, નદી વિકાસ અને ગંગા સંરક્ષણ વિભાગ, ગ્રાહક બાબતોના વિભાગ, મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલય, પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય, ઊર્જા મંત્રાલય, ગ્રામીણ વિકાસ મંત્રાલય, અને વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના સચિવો; રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (NDMA) ના સભ્યો અને વિભાગીય વડાઓ; ભારતીય હવામાન વિભાગ (IMD) ના મહાનિદેશક; કેન્દ્રીય જળ આયોગના અધ્યક્ષ; અને ભારતીય કૃષિ અનુસંધાન સંસ્થાન તથા નેશનલ રિમોટ સેન્સિંગ સેન્ટર સહિત અન્ય વિવિધ વિભાગોના અધિકારીઓ હાજર રહ્યા હતા. કેન્દ્રીય ગૃહ મંત્રીએ એવી સૂચના પણ આપી હતી કે ગૃહ મંત્રાલયની આંતર-મંત્રાલય કેન્દ્રીય ટીમ (IMCT) ને તાજેતરના ભારે વરસાદ, અચાનક આવેલા પૂર અને ભૂસ્ખલનને કારણે થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે આસામ અને અરુણાચલ પ્રદેશ મોકલવી જોઈએ, કારણ કે બંને રાજ્યો પ્રભાવિત થયા છે, જેમાં આસામના ઘણા જિલ્લાઓમાં પૂરના પાણી વધી રહ્યા છે અને અરુણાચલ પ્રદેશના કેટલાક પહાડી વિસ્તારોમાં ભૂસ્ખલન અને રસ્તાઓ બંધ થવાની સ્થિતિનો સામનો કરવો પડી રહ્યો છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર (માળખાકીય સુવિધાઓ), કૃષિ અને માનવ વસાહતોને થયેલા નુકસાનની માત્રાનું મૂલ્યાંકન કરવા માટે આંતર-મંત્રાલય કેન્દ્રીય ટીમ (IMCT) દ્વારા સ્થળ પર જઈને આકલન કરવું અનિવાર્ય છે.

**કેન્દ્રીય ગૃહ મંત્રીએ જલ શક્તિ મંત્રાલયને દેશભરના તમામ જળાશયો—મોટા અને નાના—તેમજ ભૂગર્ભ જળ પર નજર રાખવા નિર્દેશ આપ્યો છે**

**ઘાસચારો, બરછટ અનાજ (મિલેટ્સ) અને કઠોળ જેવા વૈકલ્પિક, ઓછા પાણીનો વપરાશ કરતા પાકો પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે**

# પ્રાકૃતિક ઉત્પાદનોને યોગ્ય બજાર અને પૂરતા ભાવો મળી રહે તે માટે સુદ્રઢ માર્કેટિંગ અને બ્રાન્ડિંગ વ્યવસ્થા અનિવાર્ય છે : રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

## રાજ્યભરમાં પ્રાકૃતિક કૃષિ અન્વયે કરવામાં આવી રહેલી કામગીરીની સમીક્ષા અર્થે લોકભવન ખાતે બેઠક યોજાઈ



કમલમ્, ગાંધીનગર

ગુજરાત રાજયમાં ગાય આધારિત પ્રાકૃતિક ખેતીના વ્યાપ અને તે અન્વયે થઈ રહેલી કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા કરવા માટે આજે ગાંધીનગર સ્થિત લોકભવન ખાતે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ બેઠકમાં કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોના ઉત્પાદનોને યોગ્ય બજાર અને પૂરતા ભાવો મળી રહે તે માટે સુદ્રઢ માર્કેટિંગ અને બ્રાન્ડિંગ વ્યવસ્થા અનિવાર્ય છે. આ અંતર્ગત રાજ્યભરમાં શરૂ કરવામાં આવી રહેલા પ્રાકૃતિક કૃષિ પેદાશોના કાયમી વેચાણ કેન્દ્રો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતોને વધારાની આવક મળી રહે તે માટે કાર્બન ક્રેડિટ એક ઉત્તમ વિકલ્પ છે. કાર્બન ક્રેડિટના માધ્યમથી આર્થિક પ્રોત્સાહન મળવાથી ખેડૂતો પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ તરફ વધુ ઝડપથી આકર્ષિત થશે, જે રાજ્યમાં રાસાયણિકમુક્તખેતીનાઅભિયાનને નવી ગતિ આપશે. રાજ્યના કૃષિ વિશ્વવિદ્યાલયો દ્વારા પ્રાકૃતિક ખેતીના ક્ષેત્રમાં કરવામાં આવી રહેલા વૈજ્ઞાનિક સંશોધનો અને ખાસ કરીને ઉચ્ચ ગુણવત્તાયુક્ત બીજ સંશોધન અંગે સમીક્ષા કરવામાં આવી હતી. આ સાથે જ, પ્રાકૃતિક ઉત્પાદનો માટે વિકસાવવામાં આવેલી પ્રભા બ્રાન્ડ અંગે પણ ચર્ચા કરવામાંઆવીહતી. રાજ્યપાલશ્રીના સાપ્તાહિક ગ્રામીણ સંપર્ક અભિયાન એટલે કે ગ્રામ કલ્યાણ કાર્યક્રમના સફળ આયોજન બાદ, સંબંધિત વિસ્તારોમાં ખેડૂતો માટે ખાસ પ્રાકૃતિક કૃષિ તાલીમ શિબિરોનું આયોજન કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો, જેથી તમામ ખેડૂત સુધી આ વૈજ્ઞાનિક પદ્ધતિ પહોંચાડી શકાય. બેઠક દરમિયાન કૃષિ વિભાગ તેમજ રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા છેલ્લા એક મહિના દરમિયાન કરવામાંઆવેલી કામગીરી, નવી પહેલો અને ફિલ્ડ વિઝિટના અહેવાલો રાજ્યપાલશ્રી સમક્ષ પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. રાજ્યપાલશ્રી અને કૃષિ મંત્રીશ્રીએ કામગીરીની પ્રગતિ અંગે સંતોષ વ્યક્ત કરી આગામી સમય માટે જરૂરી દિશા-નિર્દેશો આપ્યા હતા. આ સમીક્ષા બેઠકમાં કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના અગ્ર સચિવ શ્રી આર.સી. મીણા, લોકભવનના અગ્રસચિવ શ્રી અશોક શર્મા,રાજ્યનીતમામકૃષિયુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આત્મા પ્રોજેક્ટ, પશુપાલન વિભાગ તેમજ કૃષિ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ માય ભારત ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા મજબૂત ઉદ્યોગ—યુવા ભાગીદારી માટે આહ્વાન કર્યું

## માય ભારત પ્લેટફોર્મ દરેક યુવા ભારતીયને તકો સાથે જોડી શકે છેઃ રાજ્ય મંત્રી રક્ષા ખડસે




**ઇન્ડસ્ટ્રી એસોસિએશન કોક્લેવે યુવા વિકાસ માટે સરકાર—ઉદ્યોગ ભાગીદારીને વધુ મજબૂત બનાવી**

કમલમ્,

યુવા વિકાસ માટે સરકાર અને ઉદ્યોગ વચ્ચેના સહયોગને મજબૂત કરવાના એક મહત્વપૂર્ણ પગલા તરીકે, યુવા બાબતો અને રમતગમત મંત્રાલયના યુવા બાબતોના વિભાગ દ્વારા નવી દિલ્હીના ડૉ. બી.આર. આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટર ખાતે 'ઈન્ડસ્ટ્રી એસોસિએશન કોક્લેવ' નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૦થી વધુ અગ્રણી ઉદ્યોગ સંગઠનો (ઈન્ડસ્ટ્રી એસોસિએશન્સ), કોર્પોરેટ્સ, જાહેર ક્ષેત્રના સાહસો, CSR સંસ્થાઓ અનેવરિષ્ઠ સરકારી અધિકારીઓને માય ભારત (મેરા યુવા ભારત) ઈકોસિસ્ટમ દ્વારા વ્યૂહાત્મક ભાગીદારી બનાવવા માટે એક મંચ પર લાવવામાં આવ્યા હતા. આ કોક્લેવ વિકસિત ભારત @2047 ના વિઝનને આગળ ધપાવવાની સાથે કૌશલ્ય વર્ધન (સ્કિલિંગ), સ્વયંસેવા (વોલન્ટિયરિંગ), ઈન્ટર્નશિપ, સાહસિકતા (એન્ટરપ્રિન્યોરશિપ), નવીનતા (ઈનોવેશન) અને કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) દ્વારા યુવાનો માટે તકોના વિસ્તરણ પર કેન્દ્રિત હતી. આ ઉદ્ઘાટન સત્રમાં કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત તથા શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયા, યુવા બાબતો અને રમતગમત રાજ્ય મંત્રી શ્રીમતી રક્ષા નિખિલ ખડસે, યુવા બાબતોના વિભાગના સચિવ ડૉ. પલ્લવી જૈન ગોવિલ, કોર્પોરેટ બાબતોના મંત્રાલયના સચિવ સુશ્રી દીપ્તિ ગૌર મુખર્જી, યુવા બાબતોના વિભાગના અધિક સચિવ શ્રી નિતેશ કુમાર મિશ્રા, તેમજ અગ્રણી ઉદ્યોગ સંગઠનો અને CSR સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. સભાને સંબોધિત કરતા ડૉ. મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે ભારતનો વસ્તી વિષયક લાભાંશ ત્યારે જ આપણી સૌથી મોટી તાકાત બની શકે છે જ્યારે સરકાર અને ઉદ્યોગ વચ્ચેની સક્રિય ભાગીદારી દ્વારા યુવાનોને સાર્થક તકો સાથે જોડવામાં આવે. "ભારતની આશરે ૬૫ ટકા વસ્તી ૩૫ વર્ષથી ઓછી ઉંમરની છે. આપણા યુવાનો ભારતની સૌથી મોટી તાકાત અને સોફ્ટ પાવર છે. તેમને માય ભારત પ્લેટફોર્મ દ્વારા ઉદ્યોગજગત સાથે જોડીને આપણે તેમની ક્ષમતાઓને ઉજાગર કરી શકીએ છીએ અને વિકસિત ભારત @2047 તરફની યાત્રાને વેગ આપી શકીએ છીએ." કેન્દ્રીય મંત્રીએ રેખાંકિત કર્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા પરિકલ્પિત માય ભારત ડિજિટલ પ્લેટફોર્મ, એક સિંગલ વિન્ડો પ્લેટફોર્મ તરીકે ડિઝાઈન કરવામાં આવ્યું છે જે યુવાનોને શિક્ષણ, સ્વયંસેવા, નવીનતા, કૌશલ્ય વિકાસ અને નેતૃત્વની તકો સાથે જોડે છે. તેમણે ઉદ્યોગ સંગઠનોને વિનંતી કરી હતી કે તેઓ યુવાનો માટે સંરચિત તકો ઊભી કરવા, સાહસિકતા અને પ્રાયોગિક શિક્ષણને પ્રોત્સાહન આપવા, ઔદ્યોગિક ક્લસ્ટરોની આસપાસ યુવા જોડાણને મજબૂત કરવા અને માય ભારતના સ્વયંસેવકો સાથે વાઈબ્રન્ટ વિલેજીસ (Vibrant Villages) ના વિકાસમાં ભાગીદાર બનવા માટે તેમની ઝજીઇ પહેલોનો સક્રિયપણે લાભ ઉઠાવે. યુવાનોમાં માદક દ્રવ્યોના સેવનની સમસ્યાનો સામનો કરવાની જરૂરિયાત પર ભાર મૂકતા, તેમણે યુવાનોની ઊર્જાને રચનાત્મક રાષ્ટ્રનિર્માણ તરફ વાળવા માટે સરકાર, ઉદ્યોગ અને નાગરિક સમાજ દ્વારા સામૂહિક પગલાં લેવા આહ્વાન કર્યું હતું.

કોક્લેવને સંબોધતા યુવા બાબતો અને રમતગમત રાજ્ય મંત્રી શ્રીમતી રક્ષા નિખિલ ખડસેએ ઉદ્યોગ સંગઠનો અને સંસ્થાઓને તેમની યુવા પહેલોને માય ભારત ડિજિટલ પ્લેટફોર્મ સાથે સંકલિત કરવા હાકલ કરી હતી.

"યુવા વિકાસ માત્ર કૌશલ્ય વર્ધન પૂરતો મર્યાદિત નથી; તે જવાબદાર નાગરિકો તૈયાર કરવા વિશે છે જેઓ મજબૂત અને વધુ સમાવેશી ભારતના નિર્માણમાં સક્રિયપણે ભાગ લે છે. યુવા પહેલોને માય ભારત પ્લેટફોર્મ સાથે જોડીને, આપણે સુનિશ્ચિત કરી શકીએ છીએ કે તકો દેશના છેવાડાના વિસ્તારો સહિત દરેક યુવા નાગરિક સુધી પહોંચે." તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે માય ભારત ભૌગોલિક સીમાઓથી પર રહીને પ્રતિભાશાળી યુવાનોને તકો સાથે જોડતા સેતુ તરીકે કામ કરે છે અને સંસ્થાઓને આ પ્લેટફોર્મ દ્વારા મંત્રાલયની ફ્લેગશિપ (મુખ્ય) પહેલોને સક્રિયપણે પ્રોત્સાહન આપવા વિનંતી કરી હતી. તેમણે નોંધ્યું હતું કે ઉદ્યોગ અને યુવાનો વચ્ચેનો મજબૂત સહયોગ નવીનતા, રોજગાર, સાહસિકતા અને સમુદાય વિકાસ માટે નવા માર્ગો ખુલશે. યુવા બાબતોના વિભાગના સચિવ ડૉ. પલ્લવી જૈન ગોવિલે હાઈલાઈટ કર્યું હતું કે માય ભારત એક વ્યાપક ડિજિટલ ઈકોસિસ્ટમ તરીકે વિકસી રહ્યું છે જે યુવાનોની આકાંક્ષાઓને ઓળખે છે અને તેમને શિક્ષણ, સ્વયંસેવા, નવીનતા, સાહસિકતા અને રોજગારની તકો સાથે જોડે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ પ્લેટફોર્મ રોજગારી આપવાથી આગળ વધીને જવાબદાર નાગરિકો અને સક્રિય રાષ્ટ્ર-નિર્માતાઓનું ઘડતર કરે છે. તેમણે ઉદ્યોગ સંગઠનોને ઈન્ટર્નશિપ, મેન્ટરશિપ, હેકાથોન, કોડિંગ સ્પર્ધાઓ, ઈનોવેશન ચેલેન્જીસ અને અન્ય જ્ઞાન-આધારિત પહેલો માટે આ પ્લેટફોર્મનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કર્યા હતા, જે પ્રાયોગિક એક્સપોઝર પૂરું પાડે છે અને સાથે જ ઉદ્યોગોને ઉભરતી પ્રતિભાઓને ઓળખવામાં સક્ષમ બનાવે છે. સભાને સંબોધિત કરતા કોર્પોરેટ બાબતોના મંત્રાલયના સચિવ સુશ્રી દીપ્તિ ગૌર મુખર્જીએ ઉદ્યોગ અને યુવાનો વચ્ચેના સંરચિત સહયોગની અપાર ક્ષમતાઓ પર પ્રકાશ પાડ્યો હતો. સફળ ઈન્ટર્નશિપ અને નાગરિક જોડાણના મોડલ્સમાંથી પ્રેરણા લઈને, તેમણે ઉદ્યોગ સંગઠનોને તેમની સભ્ય સંસ્થાઓ દ્વારા સંરચિત તાલીમ, માર્ગદર્શન (મેન્ટરશિપ) અને પ્રાયોગિક શિક્ષણની તકોને સક્રિયપણે ટેકો આપવા પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે એમ પણ ભારપૂર્વક જણાવ્યું હતું કે આવી ભાગીદારી યુવાનોને વ્યવહારુ કૌશલ્યો પ્રાપ્ત કરવામાં મદદ કરશે અને સાથે જ ઉદ્યોગોને ભવિષ્યની પ્રતિભાઓને ઓળખવા અને વિકસાવવામાં સક્ષમ બનાવશે. CII, FICCI, ASSOCHAM, NASSCOM, PHDCCI, ઈન્ડિયા જીસ્ઈ ફોરમ, ઈન્ડિયન બેંક્સ એસોસિએશન, IPA, ISPA, SIA, NHRDN, CAIT, WTC મુંબઈ અને AIAI સહિતના અગ્રણી ઉદ્યોગ સંગઠનોના પ્રતિનિધિઓએ મોટી CSR સંસ્થાઓ સાથે મળીને માય ભારત ઈકોસિસ્ટમ દ્વારા સ્વયંસેવા, કૌશલ્ય વર્ધન, ઈન્ટર્નશિપ અને યુવા જોડાણના વિસ્તરણ માટેના સહયોગી મોડલ્સ પર ચર્ચા-વિચારણા કરી હતી. આ કોક્લેવ સરકાર-ઉદ્યોગ ભાગીદારીને મજબૂત કરવા, ઉદ્યોગના હિતધારકોને માય ભારત પ્લેટફોર્મ પર લાવવા અને એક મજબૂત રાષ્ટ્રીય ઈકોસિસ્ટમનું નિર્માણ કરવા માટેની સહિયારી પ્રતિબદ્ધતા સાથે સમાપ્ત થઈ હતી, જે વિકસિત ભારત @2047 ના વિઝનમાં યોગદાન આપવાની સાથે યુવાનો માટે તકોનો વિસ્તાર કરશે.

# અમદાવાદ મંડળમાં અત્યાધુનિક સ્ટેટ-ઑફ-ધ-આર્ટ ઈન્ટીગ્રેટેડ કન્ટ્રોલ સેન્ટરનો શુભારંભ

## મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ એ કર્યું ઉદઘાટન

**રેલવે સંચાલનમાં ટેકનિકલ એકીકરણ અને કુશળતાની દિશામાં ઐતિહાસિક પગલું**



કમલમ્,

યાત્રીઓને સુરક્ષિત, સમયબદ્ધ અને વિશ્વાસપાત્ર રેલવે સેવાઓ ઉપલબ્ધ કરાવવા તથા રેલવે સંચાલનને અત્યાધુનિક ટેકનિકથી સુદ્રઢ બનાવવાની દિશામાં પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે એક વધુ મહત્વપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. અમદાવાદ મંડળમાં નવનિર્મિત સ્ટેટ-ઑફ-ધ-આર્ટ ઈન્ટીગ્રેટેડ કન્ટ્રોલ સેન્ટરનું આજે મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ દ્વારા વિધિવત ઉદઘાટન કરવામાં આવ્યું. આ અત્યાધુનિક કન્ટ્રોલ સેન્ટર હવે પૂર્ણરૂપે કાર્યશીલ થઈ ગયું છે અને ઉત્તર ગુજરાતના ક્ષેત્રમાં રેલવે સંચાલનના "કેન્દ્રીય તંત્ર (Nerve Centre)" રૂપે કામ કરશે. લગભગ ૨૪,૫૦૦ ચોરસ ફુટ ક્ષેત્રમાં વિકસિત આ આધુનિક સંકુલ રેલવે સંચાલનથી જોડાયેલા વિવિધ વિભાગોની નિયંત્રણ પ્રવૃત્તિઓને એક જ છત હેઠળ એકિકૃત કરે છે. આની મારફતે સંચાલન કુશળતા, સમયપાલન તથા યાત્રી સેવાઓમાં નોંધપાત્ર સુધારો થશે. ઉદઘાટનના અવસર પર મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે જણાવ્યું કે અમદાવાદ મંડળ સતત આધુનિક ટેકનિકોને અપનાવીને ભારતીય રેલવેના ડિજિટલ રૂપાંતરણને ગતિ આપી રહ્યું છે. તેમણે કહ્યું કે આ ઈન્ટીગ્રેટેડ કન્ટ્રોલ સેન્ટર રેલવે સંચાલનને વધુ સુરક્ષિત, પારદર્શક, જવાબદાર અને ટેકનિક-આધારિત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે. આ સેન્ટરથી ટ્રેનોના સંચાલનની રિયલ-ટાઈમ મોનિટરિંગની સાથે-સાથે સ્ટેશનો અને રેલવે સંકુલોમાં ભીડ વ્યવસ્થાપન (Crowd Management), સ્વચ્છતા વ્યવસ્થા, સુરક્ષા અને સંરક્ષા સંબંધિત પ્રવૃત્તિઓ તથા કોઈપણ અમંગળ ઘટના (Untoward Incidents) પર ચોવીસે કલાક અસરકારક દેખરેખ રાખી શકાશે. વિવિધ વિભાગો વચ્ચે ઉત્તમ સંકલન અને તાત્કાલિક સૂચનાની આપ-લેથી આકસ્મિક પરિસ્થિતિઓમાં તુરંત નિર્ણય અને અસરકારક કાર્યવાહી સુનિશ્ચિત થશે.

**અત્યાથુનિક ટેકનિકલ સુવિધાઓથી સુસજ્જ નિયંત્રણ કેન્દ્ર**

આ સ્ટેટ-ઑફ-ધ-આર્ટ ઈન્ટીગ્રેટેડ કન્ટ્રોલ સેન્ટરમાં નવીનતમ ડિજિટલ ટેકનિકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. લગભગ ૧,૩૫૦ રૂટ કિલોમીટર રેલવે નેટવર્કની રિયલ-ટાઈમ હાઈ-રેઝોલ્યુશન મોનિટરિંગ માટે વિશાળ વીડિયો ડિસ્પ્લે યૂનિટ (VDU) વૉલ સ્થાપિત કરવામાં આવી છે, જેનાથી કોઈપણ સંચાલન સ્થિતિ પર ઝડપી દેખરેખ અને નિર્ણય સંભવ થઈ શકશે. આ સંકુલમાં ફ્રેઈટ અને કોચિંગ કન્ટ્રોલ, સિગ્નલ અને ટેલિકોમ (S&T), એન્જિનિયરીંગ, ટ્રેક્શન તથા ક્રૂ વ્યવસ્થાપન સહિત, વિવિધ સંચાલન એકમોને એકીકૃત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત રેલવે સુરક્ષા બળ (RPF) કન્ટ્રોલ રૂમ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ તથા કેરેજ અને વેગન (C&W) થી સંબંધિત પ્રવૃત્તિઓનું પણ આ જ સંકુલથી સંચાલન કરી શકાશે યાત્રીઓની સુવિધાને વધુ સુદ્રઢ બનાવવાના ઉદ્દેશથી આ સેન્ટરને રેલ મદદ (Rail Madad) ફરિયાદ નિવારણ સિસ્ટમ અને નેશનલ ટ્રેન ઈન્ક્વાયરી સિસ્ટમ (NTES) ની સાથે પણ એકીકૃત કરવામાં આવ્યું છે, જેનાથી યાત્રીઓને ટ્રેનોની અદ્યતન અને સચોટ માહિતી સમયસર ઉપલબ્ધ કરાવી શકાશે.

**સંચાલન કુશળતા અને સમયપાલનને મળશે નવું પરિમાણ**

આ એકીકૃત નિયંત્રણ સેન્ટર મારફતે દરરોજ સંચાલિત થનારી ૧૩૦ થી વધુ કોચિંગ ટ્રેનો તથા ૧૬૦ થી વધુ માલગાડીઓના સંચાલનની સતત અને સંકલિત દેખરેખ રાખવામાં આવશે. આનાથી સમયપાલનમાં વધુ સચોટતા આવશે તથા સંચાલન સંબંધિત નિર્ણયોને ઝડપથી લાગુ કરાવી શકાશે. સાથે જ, લોકો ઈન્ટરચેન્જ, પાણી આપૂર્તિ, પાર્સલ વ્યવસ્થાપન, ક્રૂ જમાવટ તથા અન્ય સંચાલન પ્રક્રિયાઓમાં સંકલન અને કુશળતા વધશે. રિયલ-ટાઈમ ડેટા આધારિત મોનિટરિંગ સિસ્ટમ મારફતે રેલવે સેવાઓ વધુ પારદર્શક, જવાબદાર અને વિશ્વાસપાત્ર બનશે.

આ ઈન્ટીગ્રેટેડ કન્ટ્રોલ સેન્ટર ફક્ત એક કન્ટ્રોલ બિલ્ડીંગ જ નહીં, પરંતુ આધુનિક રેલવે વ્યવસ્થાપન અને ટેકનિકલ એકીકરણનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. 24×7 સંચાલિત રહેનારા આ સંકુલમાં કર્મચારીઓ માટે અત્યાધુનિક કાર્યસ્થળની સાથે-સાથે આરામ ગૃહ, મિની બોર્ડ રૂમ અને સમર્પિત પાર્કિંગ જેવી સુવિધાઓ પણ વિકસિત કરવામાં આવી છે, જેનાથી કામ અમલીકરણ વધુ સુગમ, સુવિધાજનક અને અસરકારક થઈ શકે. વધતા રેલવે સંચાલન અને ભવિષ્યની જરૂરીયાતોને ધ્યાનમાં રાખીને વિકાસાવાયેલું આ ઈન્ટીગ્રેટેડ કન્ટ્રોલ સેન્ટર અમદાવાદ મંડળની સંચાલન ક્ષમતાઓને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે તથા પશ્ચિમ રેલવેના ડિજિટલ અને ટેકનિકલ આધુનિકીકરણ અભિયાનને વધુ સશક્ત બનાવશે.

